શહેરમાં ગણેશોત્સવની ઉજવણીનો રંગ જામ્યો છે. વૈવિધ્યસભર ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગત સાથે ભાવિકો ગણેશ ભકિતમાં તરબોળ થયા છે. સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે ગણેશોત્સ અન્વયે જાદુનો ખેલ સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે ગીત સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. સે-૨૨ રંગમંચ ખાતે પણ માતૃપિતૃ વંદના કાર્યક્રમમાં ભાવિકો ઉમટી પડયા હતા. બ્રહ્મભવનમાં ગણેશોત્સવ અન્વયે વિવિધ નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા.

(તસવીર : કુંતલ નિમાવત)

આજે ગણેશોત્સવ સે-૨૨ ખાતે હિન્દી ફિલ્મી ગીત સંગીત સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૨

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, સેકટર-૨૨ ખાતે નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે હિન્દી ફિલ્મી ગીત સંગીત સ્પર્ધાનું આયોજન આવતીકાલે તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ વાગે કરવામાં આવ્યું છે. આ મહોત્સવ દરમિયાન દરરોજ યોજાતા વિવિધ કાર્યક્રમોને નિહાળવા વસાહતીઓ ઉમટી પડે છે. શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા નગરમાં ઉજવાઈ રહેલા ૪૪માં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના ત્રીજા દિવસે ગુજરાત સરકારના માહિતી વિભાગના સૌજન્યથી લોકસંગીત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના માહિતી વિભાગના સૌજન્યથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ અંતર્ગત કલ્હાર ગ્રુપ દ્વારા શ્રીમતી રીટાબેન દવે અને સાથી કલાકારો દ્વારા લોક સંગીતનો સાંસ્કૃતિક અને ભકિતમય કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નગરના ધર્મપ્રેમી અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વડોદરા ગામનો ઈન્દીરાનગરથી ભલાવતપુરા સુધીનો માર્ગ બિસ્માર : સ્થાનિકો રોષે ભરાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામે ઈન્દીરાનગરથી ભલાવતપુરા સુધીનો આશરે ૩ કિ.મી.નો માર્ગ વર્ષ ૨૦૦૧ માં બાજપાઈ ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યો હતો. જે માર્ગને ૧૩ વર્ષનો સમયગાળો વિતી ગયો છે. આથી આ માર્ગ સાવ બિસ્માર બની જતા અવર-જવર કરતા નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરિણામે ગ્રામજનો ભારે રોષે ભરાયા છે. અને તાત્કાલિક ધોરણે બિસ્માર માર્ગને સુધારવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લામાં ડભોડા નજીક વડોદરા ગામ આવેલ છે. જયાં ઈન્દીરાનગરથી ભલાવતપુરા સુધીનો આશરે ત્રણ કિ.મી. લાંબો જાહેર માર્ગ વાજપાઈ ગ્રામ સડક યોજના હેઠળ વર્ષ ૨૦૦૧માં બનાવવામાં આવ્યો હતો. જે માર્ગની મુદત ૧૦ વર્ષની હતી. બાદમાં તેની ઉપર વધુ ત્રણ વર્ષનો સમયગાળો વિતી ગયો છે અને પરિણામે ૧૩ વર્ષ પહેલા બનાવેલ આ માર્ગ સાવ બિસ્માર બની ગયો છે. માર્ગ પર ડામર જેવું કોઈ પદાર્થ છે નહી અને માર્ગ સાવ કાંકરી-કાંકરી થઈ ગયો છે. અને ઠેર ઠેર મોટા મોટા ખાડા પડી જતા ચાલતા કે વાહન લઈ પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો દરરોજ અવરજવર કરવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આથી કંટાળી ગ્રામજનોએ આ બાબતે જિલ્લા પંચાયત પ્રમુખ અને કાર્યપાલક ઈજનેર અને ગાંધીનગર દક્ષિણ મત વિસ્તારના ધારાસભ્ય શંભુજી ઠાકોરને લેખિત અને મૌખિક રજૂઆત કરી છે. તેમ છતાં આજ દિન સુધી આ માર્ગ પર નજર નાખવા પણ કોઈ આવતું નથી. આથી નાગરિકો અને સ્થાનિકો ભારે રોષે ભરાયા છે અને આ માર્ગને સત્વરે સુધારવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરી છે.

ગાંધીનગર અંતિમધામ ખાતે અસ્થિકુંભ વિસર્જનની પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિસેવા ૧૯૯૬થી નિયમિત રીતે નિઃશુલ્ક કરવામાં આવે છે. તેને અનુલક્ષીને આ વર્ષે પણ તા. ૮ જૂનથી ૨૦૧૩થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન દિવંગત આત્માઓના શનિવારે સવારે ૮.૪૦ કલાકે ગાંધીનગર અંતિમધામ ખાતે રાખેલ છે. પ્રાર્થનાસભામાં દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

સદવિચાર પરિવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અંતિમધામ ખાતે દિવંગત આત્માઓના અસ્થિઓનો અસ્થિકુંભ દર ત્રણ માસે હરિદ્વાર ખાતે ગંગાજીના પવિત્ર શહેરના મૂકસેકવ નિલેન્દ્ર વોરા, કરશનભાઈ પરમાર તા. ૧૪ સપ્ટેમ્બર શનિવારના રોજ ગાંધીનગરથી હરિદ્વાર મેલ મારફતે જઈ રહ્યા છે. તા. ૧૬મી સપ્ટેમ્બરે હરિદ્વાર હરકી પેઢી ખાતે અસ્થિઓનું વિધિવત રીતે ગંગાજીના પવિત્ર પ્રવાહમાં વિસર્જન કરવામાં આવશે.

પ્રાર્થનાસભામાં દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ-દર્શનાર્થે તેમના સૌ સ્નેહીઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. અંતિમધામ ખાતે અનુકૂળતા ન હોય તો તેઓ ગાંધીનગર રેલ્વેસ્ટેશને સવારે ૧૦.૦૦ વાગ્યે હાજર રહેવા જણાવેલ છે.

સરદાર સરોવર ડેમની મુલાકાત પ્રવાસનું પેન્શનર્સ સમાજ દ્વારા આયોજન

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના કારોબારી સભ્યો અને પેન્શનર સભ્યોનો સરદાર સરોવર ડેમની મુલાકાત લેવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રવાસ તા. ૧૪-૯-૨૦૧૩ને શનિવારના રોજ સવારે ૫-૦૦ કલાકે લકઝરી બસ સેકટર-૨ના બગીચા પાસેથી ઉપડશે. પ્રવાસમાં જોડાનાર પેન્શનર્સ મિત્રોએ સ્થળ ઉપર ઉપરોકત સમય અને તારીખે ઉપસ્થિત રહેવા વિનંતી છે. આ કાર્યક્રમની વધુ માહિતી માટે પ્રવર મંત્રીશ્રી ડી.પી. સંઘાણીનો (ફોન- ૨૩૨૩૧૫૧૮) પર સંપર્ક સાધવા વિનંતી છે.

વૃદ્ધાના ગળામાંથી ચાલુ બાઈકે ચેઈન સ્નેચર્સ દોરો ખેંચી ગયા

વૃદ્ધ દંપતિ મોપેડ લઈને જઈ રહ્યા હતા ત્યારે ગ-૨ પાસે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં તરખાટ મચાવીને હાહાકાર મચાવી દીધા બાદ માંડ એક અઠવાડીયું શાંત બનેલા ચેઈન સ્નેચર્સ પુનઃ મેદાને ઉતરી આવતા ગાંધીનગર પોલીસ દોડતી થઈ ગઈ છે. આજે સમી સાંજે મોપેડ લઈને ગ માર્ગ પરથી જઈ રહેલા વૃદ્ધ દંપતીના મોપેડ પાસે પલ્સર લઈ જઈને પાછળ બેઠેલા વૃદ્ધાના ગળામાંથી દોરો આંચકી ચેઈન સ્નેચર્સ ફરાર થઈ ગયા હતા આ બનાવ અંગે સે-૭ પોલીસે ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

ગ માર્ગ પરથી આજે સમી સાંજે એક વૃદ્ધ દંપતી કાઈનેટીક મોપેડ લઈને જઈ રહ્યા હતાં. તેમની પાછળથી એક બ્લેક કલરનું પલ્સર બાઈક લઈને આવલ બે શખ્સો નજીક આવ્યા અને મોપેડ પાછળ બેઠેલા વૃદ્ધાના ગળામાં હાથ મારીને ગળામાં પહેરેલો ત્રણ તોલા વજનનો સોનાનો દોરો આંચકી ત્યાંથી આંખના પલકારામાં નાસી છુટયા હતાં. વૃદ્ધ દંપતીએ બુમાબુમ કરતાં આસપાસથી લોકો દોડી આવ્યા હતા પરંતુ ચેઈન સ્નેચર્સ ત્યાં સુધીમાં ગાયબ થઈ ગયા હતા. વૃદ્ધ દંપતી આ ચેઈન સ્નેચીંગના બનાવ અંગે ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન પહોંચ્યું હતું. સે-૭ પોલીસે ગુનો દાખલ કરવા ધોરણસરની કામગીરી આરંભી છે.

સેક્ટર-૨ ગણેશોત્સવમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૨

યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ, સેક્ટર-૨-સી દ્વારા ગણેશોત્સવમાં જુદા જુદા કાર્યક્રમો થઈ રહ્યા છે. જેમાં તૃતીય દિવસે કૃષ્ણવદન ઠક્કર ગ્રુપ, અમદાવાદ દ્વારા ફન ગેમ, હાઉસી ગેમ અને કપલ ગેમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ અને મોટાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. કલ્યાણસિંહ ચંપાવત દ્વારા ભગવાન ગણેશજી ઉપર ખાસ પ્રવચન રાખવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અંતે વિજેતાઓને સ્પોન્સર ધવલ પારકર દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ અગાઉ મુખ્ય મહેમાન તરીકે ગુજરાતરાજયના ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમિતિના પ્રમુખ સ્નેહલ વાણીયા અને મહામંત્રી વિક્રમ દેસાઈએ તેમનું સ્વાગત કર્યુ હતું. બીજા મહેમાનોમાં ભારતીય જનતા યુવા મોરચા, ગાંધીનગર મહાનગરના પ્રમુખ-પદ્મસિંહજી, ઉપપ્રમુખ-મયુરભાઈ પટેલ તેમજ અન્ય હોદ્દેદારોએ ખાસ હાજરી આપી હતી. તેઓશ્રીનું સ્વાગત સમિતિના હોદ્દેદારો અને સભ્યોએ કર્યુ હતું. આવતીકાલ તા. ૧૩-૯-૨૦૧૩ને શુક્રવારના રોજ પ્રખ્યાત હાસ્ય કલાકાર વસંત પરેશનો હાસ્ય દરબારનો કાર્યક્રમ રાખેલ છે, જેનો લાભ લેવા સમિતિના પ્રમુખ શ્રી સ્નેહલ વાણીયાએ જાહેર અપીલ કરી છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતી ફિલ્મોના ખ્યાતનામ ખલનાયક શ્રી કિરીટ ઈરાની ખાસ ઉપસ્થિત રહેવાના છે.

ઈન્દ્રોડા ગામે મકાનમાંથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

૮૪ વિદેશી દારૂની બોટલ અને ૧૮૦ બિયરના ટીન મળીને ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર પાસે સ્થિત ઈન્દ્રોડા ગામમાં પોતાના ઘરે બુટલેગર દારૂ-બિયરનો વેપલો કરતો હોવાની બાતમીને આધારે રાત્રે બે વાગ્યે સે. ૭ પોલીસ ઈન્દ્રોડામાં ત્રાટકી હતી અને મકાનમાં તપાસ કરતા તેમાંથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૫૧,૬૦૦ની કિંમતનો દારૂ-બિયર જપ્ત કરીને ઈન્દ્રોડાના બુટલેગર કમલેશ ઠાકોરની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

સેકટર-૭ પોલીસમથકના સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડને ગઈ રાત્રે બાતમી મળી હતી કે ઈન્દ્રોડા ગામના એક મકાનમાં દારૂ-બિયરનો ધંધો ચાલી રહ્યો છે જેને આધારે તેમની ટીમના પી.એસ.આઈ. એ.જી. રાઠોડ, કોન્સ્ટેબલ રતનસિંહ, વિજય પંડ્યા, યજવેન્દ્રસિંહ સહિતના માણસો સાથે બાતમીવાળા સ્થળે ઈન્દ્રોડાના મકાને પહોંચી ગયા હતા. રાત્રે બે વાગે દરોડો પાડીને તપાસ કરતાં મકાનમાં અલગ-અલગ જગ્યાએ સંતાડીને મુકેલી ૮૪ નંગ દારૂની બોટલ અને ૧૮૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૫૧,૬૦૦ની કિંમતનો દારૂ-બિયર કબ્જે લઈને બુટલેગર કમલેશ ચતુર ઠાકોરની ધરપકડ કરી તેના વિરૂદ્ધમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બુટલેગર ક્યાંથી અને ક્યારે માલ લાવ્યો હતો અને ક્યારથી ધંધો કરતો હતો તે સહીતની વિગતો બહાર લાવવા કડક પુછપરછ આરંભી છે.

બુટલેગરના ઘરે દારૂ સંતાડવાની જબરદસ્ત વ્યવસ્થા કરાયેલી હતી...!

બુટલેગર કમલેશ ઠાકોરના ઘરમાં રાત્રે પોલીસે દરોડો પાડીને ઘરના રૂમોની તલાશી લીધી ત્યારે ખુણે-ખાંચરેથી થોડી છુટી પડેલી દારૂની બોટલો અને બિયરના ટીન મળ્યા હતા. પરંતુ બાતમી મુજબ આના ઘરે વધુ જથ્થો હોવાની શક્યતાને પગલે પોલીસે વધુ છાનબીન કરતા આ બુટલેગર દ્વારા એક જબરદસ્ત જગ્યા દારૂ સંતાડવા વપરાતી હોવાનું પોલીસને ધ્યાને આવ્યું હતું.

ઘરના એક રૂમમાં કબાટ છે. તેની નીચે એક ટાંકી બનાવેલી છે. કબાટ ખોલો તો ગાદલા જ દેખાય. કબાટની નીચેની ટાંકી ખોલવાની કોઈ જગ્યા જ નહી..! આ જોઈને પોલીસ પણ ચોંકી..! ગાદલા કબાટમાંથી નીચે ફેંક્યા તો જોયું કે ટાંકીનું ઢાંકણુ કબાટના અંદર જ હતુ. ગોદડા ખસેડ્યા એટલે ઢાંકણું દેખાયું...! અંદર જોયું તો ટાંકીમાં દારૂ-બિયરનો મોટો જથ્થો પડેલો હતો.

કલાર્કના આપઘાત પ્રકરણમાં આરોપી પાઠકના આગોતરા જામીન રદ

આરોપી અધિકારીઓની પોલીસે ધરપકડ ન કરતાં રેલી નીકળી

ઘ-૨થી સત્યાગ્રહ છાવણી સુધી ૧૦૦ મહિલાઓએ રેલી કાઢી આવેદન પાઠવ્યું : પોલીસ સાથે સામાન્ય ઘર્ષણ

ગાંધીનગર, તા. ૧૨

ઉદ્યોગભવન ખાતે સ્થિત જીઆઈડીસી ઓફીસમાં ઉપરી અધિકારીઓના ત્રાસથી દવા પી જઈને કલાર્ક કરી લીધેલા આપઘાત પ્રકરણમાં ૧૦ દિવસ થઈ ગયા બાદ પણ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં ન આવતા ન્યાયની માંગણી માટે મહિલાઓએ ઘ-૨ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી કાઢી હતી અને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ધરપકડની માંગણી કરવામાં આવી હતી. રેલી દરમ્યાન પોલીસ સાથે મહિલાઓને સામાન્ય ઘર્ષણ પણ થવા પામ્યું હતું. ઉલ્લેખનીય છે કે આઝાદ ફરતા આરોપીઓ પૈકીના એક અધિકારી એમ.એન. પાઠકના કોર્ટે આગોતરા જામીન રદ્ કર્યા છે.

બીજી સપ્ટેમ્બરના રોજ બપોરના અરસામાં ઉદ્યોગભવન જીઆઈડીસી ઓફીસમાં કલાર્ક તરીકે નોકરી કરતાં અને સે. ૧૩માં રહેતા નરેશભાઈ ગણપતભાઈ ચાવડાએ પોતાની ઓફીસમાં જ ઓફીસના અધિકારીઓના ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી હતી. આ પ્રકરણમાં એમ.એન. પાઠક, વિજય શાહ અને સમીર વકીલ ત્રણ સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ તથા એક્રોસીટી એક્ટ પ્રમાણે ગુનો નોંધવામાં આવ્યો છે.

દસ દિવસ થઈ ગયા બાદ પણ ત્રણ આરોપીઓની પોલીસે ધરપકડ ન કરતાં આજે ન્યાયની માંગણી માટે મૃતકના સગા-વહાલા તથા કુટુંબીજનોએ રેલી કાઢી આવેદનપત્ર પાઠવ્યા હતા અને હજુ આરોપીની તાત્કાલિક ધરપકડ નહી કરાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે આરોપી અધિકારી પાઠકે કોર્ટમાં કરેલી આગોતરા જામીનની અરજી કોર્ટે રદ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૫

તાપમાન

મહત્તમ : ૩૨.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૭૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હૉરર સ્ટૉરી : ૧૦.૧૫, ૩.૧૦, ૮.૦૫
જૉન ડે : ૧૨.૨૫, ૫.૨૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ગ્રાન્ડ મસ્તી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

ગ્રાન્ડ મસ્તી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જૉન ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હૉરર : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
એસ ડી રૉમાન્સ : ૧.૦૦, ૮.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૫.૩૦

ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર અને એસ.આર.પી. ગ્રૂપ દ્વારા રંગમંચ સેકટર-૨૨ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે હિન્દી ફિલ્મી- ગીત- સંગીત સ્પર્ધા અને ગણેશોત્સવ ૨૦૧૩ ઓરકસ્ટ્રા- કૈલાસ બુધોરી.
- યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ગણેશ ચોક, રીંગ રોડ, સેકટર-૨/સી ખાતે રાત્રે ૯.૦૦ કલાકે હાસ્ય દરબાર કલાકા વસંત પરેશ ગણેશજી ઉપર પ્રવચન ડૉ. કલ્યાણસિંહ ચંપાવત.

આપની આજ

મેષ : પ્રિય વ્યક્તિથી ભેટ થશે. વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

વૃષભ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

મિથુન : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : શોધકાર્યથી કાર્યક્ષેત્રમાં પ્રગતિ પ્રાપ્ત થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ઉન્નતિ થશે.

સિંહ : સારા સંબંધોને કારણે ઉન્નતિનો માર્ગ મોકળો થશે. કૌટુબિક ગૂંચવણો દૂર થવાની સંભાવના છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : ખર્ચા આવશે. વેપાર-ધંધા પર ધ્યાન આપવું. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે. કૌટુંબિક સ્થિતિ સંતોષ અપાવશે.

તુલા : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

વૃશ્ચિક : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે .

ધન : જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે. ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : આપની સફળતાનું મૂળ મંત્ર કોઈપણ કાર્યને અશક્ય ન સમજવું. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

કુંભ : માનસિક શાંતિ જાળવી રાખવી. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

મીન : વ્યાપારમાં નવાં પ્રસ્તાવ મળશે. કૌટુંબિક સમાધાન મળશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. યશ, ઉત્સાહમાં વધારો થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

ચિરવિદાય

- સ્વ. ડઈબેન ભગુજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. ભઈજી પુરા, ચુડાસણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રવાજી લાલાજી ચૌહાણ (ઉ.વ. ૪૧) મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સમરથબેન રણછોડભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૯૯) પ્લોટ નં. ૩૭૧, સેકટર-૨૩, ગાંધીનગર.